Extra No. 253

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JULY 9, 2025 / ASHADHA 18, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીકેએચ/૪૩/૨૦૨૫/એસીડી/કેએટી/ઇ-ફાઇલ/૨/૨૦૨૩/૧૨૯૮/કે૮.-નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Horticulture Supervisor, Class III, (Departmental Examination) Rules, 2025

બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩, (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીકેએચ/૪૩/૨૦૨૫/એસીડી/કેએટી/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૧૨૯૮/કે૮:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર બઢતી માટે પાત્ર થવા, બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત મદદનીશ, વર્ગ ૩-ની જગા પર નીમવામાં આવેલી વ્યક્તિઓની સેવાની શરતોનું, તે તેમની ખાતાકીય તાલીમ અને ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવાને સંબંધિત હોય ત્યાં સુધી, નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પાડવા બાબત.-

(૧) આ નિયમો, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩, (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) આ નિયમો, બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત મદદનીશ, વર્ગ ૩-ની જગા પર સીધી પસંદગીથી નીમવામાં આવેલી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "નિયત તારીખ" એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવશે તે તારીખ;

(ગ) "બોર્ડ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (GSSSB), ગાંધીનગર;

(ઘ) "પરીક્ષા" એટલે બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષા;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(છ) "જૂના નિયમો" એટલે નિયત તારીખથી તરત પહેલા અમલમાં હોય તેવા નિયમો;

(જ) ''નિર્દિષ્ટ તકો'' એટલે વ્યક્તિએ જેટલી તકોની અંદર ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) ''નિર્દિષ્ટ મુદત'' એટલે વ્યક્તિએ જે મુદતની અંદર પરીક્ષા ઉત્તીર્ણ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવાની જરૂરિયાત બાબત.-

(૧) બાગાયત મદદનીશની જગા પર નીમવામાં આવેલી વ્યક્તિએ, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર બઢતી માટે પાત્ર થવા માટે, પરીક્ષા ઉત્તીર્ણ કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નિયત તારીખ પહેલાં જૂના નિયમો હેઠળ કોઈ વ્યક્તિને ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવામાંથી મુક્તિ આપવામાં આવી હોય ત્યારે, આવી વ્યક્તિએ, આ નિયમો હેઠળ ખાતાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવી જરૂરી રહેશે નહિ.

૪. ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા.-

(૧) વિદ્યમાન જગા પર નિમણૂક થયા બાદ સેવાના બે વર્ષ પૂરા કર્યા હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર થશે નહિ;

(૨) વિદ્યમાન જગા માટેની તાલીમાંત પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય અથવા તેને, સક્ષમ સત્તાધિકારી, કોઈ હોય તો, તેઓ દ્વારા તાલીમાંત પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને પાત્ર થશે નહિ.

૫. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેની નિર્દિષ્ટ તકો અને મુદત.-

(૧) બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર બઢતીને પાત્ર થવા માટે, વ્યક્તિએ, બાગાયત મદદનીશ, વર્ગ ૩-ની જગા પર તેની નિમણૂક પછી સેવાના સળંગ બે વર્ષ પૂરા કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત અને ત્રણ તકોની અંદર પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને, ઠરાવેલી ફી ભર્યા વિના, વધુ એક તક આપી શકાશે જેનો લાભ પરીક્ષાની તેની ત્રીજી તકના પરિણામની જાહેરાતની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે:

(૨) કોઈ વ્યક્તિ, આ નિયમોમાં ઉલ્લેખેલ પરીક્ષા, નિર્દિષ્ટ મુદતની અંદર અને નિર્દિષ્ટ તકોની અંદર ઉત્તીર્ણ કરવામાં નિષ્ફળ જાય તો, તે, આવી નિષ્ફળતા છતાં, સરકાર વખતોવખત નક્કી કરે તેવી પરીક્ષા ફી ભર્યેથી, પરીક્ષામાં કોઈપણ સમયે ઉપસ્થિત રહેવાને પાત્ર થશે અને તે, સદરહુ પરીક્ષા ઉત્તીર્ણ કરે તો, બઢતી માટે પાત્ર થશે:

પરંતુ કોઈ વ્યક્તિ, તે પરીક્ષા ઉત્તીર્ણ કર્યેથી, આવી બઢતી માટે પાત્ર બને તે પહેલાં જે વ્યક્તિઓએ પોતાના કરતાં પહેલાં પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય અને જેમને આ નિયમો હેઠળ બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર)ની જગા પર બઢતી આપવામાં આવી હોય તેવી વ્યક્તિઓ ઉપર, સિનિયોરિટીનો દાવો કરવા હકદાર રહેશે નહિ.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવું તે એક તક ગણાશે.

(૪) જૂના નિયમો હેઠળ જેને કોઈ તક આપવામાં આવી હોય એવી વ્યક્તિને આ નિયમો હેઠળ બાકીની તકો લેવા દેવામાં આવશે.

૬. પરીક્ષાનો અભ્યાસક્રમ અને રૂપરેખા.-

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષા દરેક પ્રશ્નપત્રના ૧૦૦ (એકસો) ગુણ એવા પાંચ પ્રશ્નપત્રોની રહેશે. પ્રશ્નપત્ર ૪ કે જે વર્ણનાત્મક રહેશે તે સિવાય, પરીક્ષા, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)ની રહેશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્ર ૪ કે જેના જવાબ પુસ્તકો વિના આપવાના રહેશે તે સિવાય, પ્રશ્નપત્રોના જવાબ, પુસ્તકોની મદદથી આપવાની પરવાનગી આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ: "પુસ્તકો સાથે" એટલે કોઈપણ વિવરણ અથવા કેસ લૉ (પૂર્વ-કાયદાઓ) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને/ અથવા નિયમો ધરાવતું સરકારે અથવા સંસ્થાએ મંજૂર કરેલું વિષયોનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં અધિનિયમ હેઠળ બહાર પાડેલા અથવા સરકારે પ્રસિદ્ધ કરેલા અથવા મંજૂર કરેલા નિયમ-સંગ્રહો (મેન્યુઅલ્સ)નો સમાવેશ થશે.

૭. ખાતાકીય પરીક્ષાનું માધ્યમ.- પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૮. પરીક્ષા યોજવા બાબત.-

(૧) બોર્ડ-એ, વર્ષમાં ઓછામાં ઓછી બે વખત ખાતાકીય પરીક્ષા યોજવી જોઈશે.

(૨) બોર્ડ-એ, ખાતાકીય પરીક્ષાના કામચલાઉ કાર્યક્રમની જાણ, બોર્ડ દ્વારા કામચલાઉ તારીખ નિયત કરવામાં આવે તેના ઓછામાં ઓછા નેવું દિવસ પહેલાં બાગાયત નિયામકની સંબંધિત કચેરીને કરવી જોઈશે.

(૩) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતી વ્યક્તિએ, પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં, આવી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે પોતાના નામની નોંધણી કરાવવા માટે, બાગાયત નિયામકની કચેરી મારફત પોતાની અરજી પરિશિષ્ટ 'ખ'માં નિર્દિષ્ટ કરેલા નમૂનામાં, બોર્ડને મોકલવી જોઈશે.

(૪) બાગાયત નિયામકની કચેરીએ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની આવી વ્યક્તિની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઈશે અને પરિશિષ્ટ 'ગ'માં નિર્દિષ્ટ કર્યા મુજબના, પાત્રતા (યોગ્યતા) પ્રમાણપત્ર સહિત તે (અરજી), બોર્ડને મોકલી આપવી જોઈશે.

(૫) અરજદાર, પછીથી પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાનો નિર્ણય કરે, તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં તેની જાણ બાગાયત નિયામકની કચેરી મારફત બોર્ડને કરવી જોઈશે.

(૬) કોઇ વ્યક્તિએ પોતાનું નામ ઉમેદવાર તરીકે નોંધાવ્યા પછી, પેટા-નિયમ (૫)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની જાણ કર્યા વિના પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહે, તો તેણે પરીક્ષા ઉત્તીર્ણ કરવાની એક તક ગુમાવી હોવાનું ગણવામાં આવશે:

પરંતુ બાગાયત નિયામકની કચેરીને એવી ખાતરી થાય કે તે વ્યક્તિએ પોતાના કાબૂ બહારના કારણોસર પેટા-નિયમ (૫)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની સમયમર્યાદાની અંદર જાણ કરવામાં ચૂક કરી હતી, તો તે, વ્યક્તિના પક્ષે થયેલી આવી ચૂકને અને તેમાંથી ઉદ્ભવતા પરિણામોને માફ કરી શકશે.

(૭) બોર્ડ-એ, બાગાયત નિયામકની કચેરીએ ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે તે મતલબના કાઢી આપેલા પ્રમાણપત્રને આધારે ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવો જોઈશે.

(૮) પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમય વિશે બોર્ડ દ્વારા બાગાયત નિયામકને જાણ કરવામાં આવશે અને ઉમેદવારોને તેની જાણ, બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

૯. ખાતાકીય પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.-

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્ર (પેપર)ને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) રહેશે.

(૨) કોઇ એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રો (પેપર)માં પચાસ ટકા (૫૦%) કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની ખાતાકીય પરીક્ષાના તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) ઉમેદવારે આ પરીક્ષામાં માત્ર એક પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવેલ ન હોય તેવા કિસ્સામાં, એવા ઉમેદવારને તે પ્રશ્નપત્રના કુલ ગુણના ૫% (પાંચ ટકા) સુધીના કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યાર પછી, તે લાયકી ધોરણને સમકક્ષ અથવા તેથી વધુ ગુણ મેળવે, તો તેને પાસ જાહેર કરવામાં આવશે.

૧૦. પરિણામની પ્રસિદ્ધિ.- બોર્ડ-એ, (ખાતાકીય) પરીક્ષાનું પરિણામ તેની અધિકૃત વેબસાઈટ/નોટિસ બોર્ડ પર જાહેર કરવું જોઈશે અને બાગાયત નિયામકની કચેરીને તે (પરિણામ) મોકલી આપવું જોઈશે. બાગાયત નિયામકની કચેરીએ, ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઈશે.

૧૧. પ્રોત્સાહન.- પ્રથમ તકમાં ખાતાકીય પરીક્ષામાં ૮૦ % (એંશી ટકા) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને, પ્રોત્સાહન તરીકે સરકારે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેની રોકડ રકમ ચૂકવવામાં આવશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ.- કોઈપણ ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, લેપટોપ, આઈ-પોડ વગેરે જેવા કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશા વ્યવહારના સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૩. રદ કરવા બાબત અને અપવાદ.- બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ-૩ની જગા પર બઢતી માટે કરેલા જૂના નિયમો અને આ નિયમો અમલમાં આવે તે પહેલા તેને સંબંધિત તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઈપણ નિયમો, આથી, રદ કરવામાં આવે છે.

પરંતુ આવી રીતે રદ થવા છતાં, આવી રીતે રદ થયેલા નિયમો પૈકી કોઈપણ નિયમ હેઠળ કરેલા કોઈ કાર્ય અથવા લીધેલા પગલાંને અસર થશે નહિ.

પરિશિષ્ટ - 'ક'

(જુઓ નિયમ ૬(૧))

બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, બાગાયત અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ-૩ની જગા પર બઢતી માટે ખાતાકીય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર-૧ - ભારતનું સંવિધાન અને સેવા વિષયક બાબતો. (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs) (પુસ્તકો સાથે).

સમયગાળો : ૨ કલાક ગુણ : ૧૦૦.

૧. ભારતનું સંવિધાન (અનુચ્છેદ - ૩૨, ૨૨૬, ૩૦૯, ૩૧૦, ૩૧૧ અને ૨૦, મૂળભૂત હકો, માર્ગદર્શક સિદ્ધાંતો).

૨. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. પંચાયતી રાજ અને ગુજરાતમાં પંચાયતી રાજનું માળખું.

૪. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

પ્રશ્નપત્ર - ૨ - નાણાકીય બાબતો (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs) (પુસ્તકો સાથે)

સમયગાળો : ૨ કલાક ગુણ : ૧૦૦.

૧. ગુજરાત બજેટ મેન્યુઅલ, ભાગ ૧ અને ૨.

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

૪. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

૫. નાણાકીય સત્તાની સોંપણી, ૧૯૯૮.

પ્રશ્નપત્ર - ૩ - કચેરી કાર્યપદ્ધતિ, (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs) (પુસ્તકો સાથે)

સમયગાળો : ૨ કલાક ગુણ : ૧૦૦.

૧. કચેરી કાર્યપદ્ધતિ નિયમસંગ્રહ (મેન્યુઅલ) (બિન-સચિવાલય).

૨. ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨-વોલ્યુમ ૧ થી ૮.

૩. ગુજરાત સરકારની ખરીદ નીતિ અને વર્તમાન સુધારા સાથે.

૪. કામગીરી મૂલ્યાંકન અહેવાલ નિયમો અને માર્ગદર્શક સૂચનાઓ.

૫. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

પ્રશ્નપત્ર - ૪ - ગુજરાતી ભાષા: (પુસ્તકો વિના)

સમયગાળો : ૩ કલાક ગુણ : ૧૦૦.

૧. નિબંધ. ૨૫ ગુણ

૨. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર. ૩૦ ગુણ

૩. ગુજરાતીમાં નોંધલેખન અને મુસદ્દાલેખન. ૨૫ ગુણ

૪. ગુજરાતી વ્યાકરણ. ૧૦ ગુણ

૫. વહીવટી શબ્દભંડોળ. ૧૦ ગુણ

પ્રશ્નપત્ર- ૫, બાગાયત વિભાગને લગતા અધિનિયમો, નિયમો અને બાગાયત વિભાગને લગતી અન્ય પ્રવૃત્તિઓ. (બહુવિધ પસંદગી પ્રશ્નો) (MCQs) (પુસ્તકો સાથે)

સમયગાળો : ૨ કલાક ગુણ : ૧૦૦.

(૧) વનસ્પતિ સંવર્ધન. ૧૦ ગુણ

૧.૧ વનસ્પતિ સંવર્ધનની વ્યાખ્યા અને મહત્વ.

૧.૨ સંવર્ધનની રીતોનું વર્ગીકરણ (બીજ/જાતીય બીજ, બીજેતર/અજાતીય બીજ અને પેશી સંવર્ધન).

૧.૩ બીજેતર સંવર્ધન પદ્ધતિના પ્રકારો (કટકા કલમ, ભેટ કલમ, ગુંટી કલમ, નૂતન કલમ, પીલા સંવર્ધનનો અભ્યાસ).

(૨) નર્સરી વ્યવસ્થાપન ૧૫ ગુણ

૨.૧ નર્સરી એટલે શું? અને તેનું મહત્વ.

૨.૨ નર્સરીનું આયોજન.

૨.૩ નર્સરીમાં નેટ હાઉસ, ગ્રીન હાઉસનો ઉપયોગ.

૨.૪ નર્સરીના અનેક ફાયદા.

(૩) નર્સરીમાં કરવાના અગત્યના કાર્યો ૧૫ ગુણ

૩.૧ જમીન શુદ્ધિકરણ, બીજ અથવા રોપની પસંદગી.

૩.૨ નર્સરીમાં કોથળી/કુંડા ભરવાની રીત.

૩.૩ મધર પ્લાન્ટ (માતૃછોડ)નું આયોજન, રોપા માટે બીજ અને છોડના ભાગોની પસંદગી.

૩.૪ સ્ટેપીંગ (અગ્ર ભાગ), ડીસબડીંગ (કલીકા દૂર કરવી), પીલા દૂર કરવા, ડીફોલીએશન (પર્ણ દૂર કરવા), સ્ટેકીંગ (છોડને આધાર આપવો), પ્રુનિંગ (છાંટણી).

(૪) ફળ પાકોમાં પિયત પદ્ધતિનો અભ્યાસ. ૧૦ ગુણ

૪.૧ ફળ પાકોમાં પિયત પાણીનો કાર્યક્ષમ ઉપયોગ.

૪.૨ બાગાયતી પાકોમાં વિવિધ પિયત પદ્ધતિનો અભ્યાસ.

૪.૩ આદર્શ કરકસરયુક્ત પિયત પદ્ધતિઓ અને તેના લાભ.

૪.૩.૧ ટપક સિંચાઈ.

૪.૩.૨ ફુવારા પિયત.

૪.૪ પિયત પાણીનું પૃથક્કરણ કરવું.

૪.૫ વરસાદી પાણી એકત્ર કરી તેનો કાર્યક્ષમ ઉપયોગ.

(૫) બાગાયત ક્ષેત્રે ટેકનોલોજીનો ઉપયોગ અને તેનું મહત્વ. ૧૫ ગુણ

૫.૧ ગ્રીનહાઉસ ટેકનોલોજીનો પરિચય અને મહત્વ.

૫.૨ ખેતીમાં ગ્રીનહાઉસનો ઉપયોગ કરવાના લાભ.

૫.૩ ગ્રીનહાઉસના પ્રકારો.

૫.૪ ફળ અને ફૂલપાકમાં ટીસ્યુ કલ્ચરનો ઉપયોગ.

(૬) બાગાયત નિયામકની કચેરીની પ્રોત્સાહક યોજનાઓ. ૧૫ ગુણ

૬.૧ રાજ્ય અને કેન્દ્ર સરકારની બાગાયત પ્રોત્સાહન માટેની પુરસ્કૃત યોજનાઓની વિગતો.

૬.૨ બાગાયત નિયામકની કચેરી દ્વારા વિવિધ કેન્દ્રો જેવાકે અમલીકૃત કેનિંગ, નર્સરી અને ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ઓફ એક્સેલેન્સ)ની પ્રવૃત્તિઓ અને મહત્વ.

૬.૩ આઈ-ખેડૂત, હોર્ટનેટ વગેરે જેવા વિવિધ પોર્ટલની સમજણ.

૬.૪ બાગાયત નિયામકની કચેરી હેઠળની વિવિધ જગાની અધિશ્રેણી અને તેની કામકાજની ફાળવણી.

(૭) ફળ, ફૂલ ઉત્પાદન અને રોપ ઉછેરમાં હોર્મોન્સનો ઉપયોગ. ૧૦ ગુણ

૭.૧ હોર્મોન્સનું મહત્વ, વ્યાખ્યા, અર્થ, સમજણ.

૭.૨ વૃદ્ધિ નિયંત્રકો અને હોર્મોન્સના પ્રકારો, તેના વિવિધ ઉપયોગો અને તેની છોડ પર લાભ અને ગેરલાભ જેવી અસરો.

૭.૩ હોર્મોન્સ વાપરવાની રીત, વાપરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ.

૭.૪ જૈવિક વર્ધકોનો બાગાયતી ખેતીમાં ઉપયોગ અને તેની સમજણ.

(૮) બાગાયતી ખેતીમાં નૂતન અભિગમોનો અભ્યાસ. ૧૦ ગુણ

૮.૧ સજીવ ખેતીનો અર્થ અને તેના ફાયદા અને ગેરફાયદા.

૮.૨ સજીવ ખેતીના પ્રકારો અને સિદ્ધાંતો.

૮.૩ સજીવ ખેતીની જમીનની ટકાઉશક્તિમાં વધારો.

૮.૪ બાગાયતી ખેતીમાં મલ્ચીંગ (આવરણ)નું મહત્વ.

પરિશિષ્ટ- 'ખ'

(જુઓ નિયમ ૮ (૩))

અરજીનો નમૂનો

બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, અવેક્ષક (સુપરવાઈઝર), વર્ગ ૩-ની જગા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

૧.	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં લખવી) (અંગ્રેજી અને ગુજરાતીમાં)	
૨.	હોદ્દો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં)	
૩.	હાલમાં જે કચેરીમાં કામ કરી રહ્યા હોય તે કચેરીનું નામ.	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉમર.	
૫.	નિમણૂકની તારીખ અને સેવા (નોકરી)ના કુલ વર્ષો.	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો છે કે કેમ ? જો તેમ હોય, તો	
	(ક) જેમાં તે ઉપસ્થિત રહ્યો હોય, તે પરીક્ષાનો મહિનો અને તેનું વર્ષ.	
	(ખ) કોઈ મુક્તિ આપવામાં આવી છે કે કેમ ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાના વર્ષ અને વિષયની વિગતો આપવી:	
	(ગ) અરજદાર, મેળવેલી મુક્તિનો લાભ મેળવવાની ઈચ્છા ધરાવે છે કે કેમ? "હા" અથવા "ના" જણાવવું (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઈ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ)	
૭.	જે નિયમ અથવા સત્તાધિકાર હેઠળ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનું હોય, તે નિયમ અથવા સત્તાધિકાર.	
૮.	અરજદારે, જેટલી તકોમાં અને જે સમય-મર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખો જણાવવી).	
૯	કરેલા પ્રયત્નોની સંખ્યા:	
૧૦	વધારાની (ખાસ) તક આપવામાં આવેલી છે કે કેમ? જે હુકમો હેઠળ, અરજદારને વધારાની (ખાસ) તક આપવામાં આવેલી હોય, તે હુકમોના ક્રમાંક અને તારીખ નિર્દિષ્ટ કરવા અને તેની નકલ જોડવી.	
૧૧	પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી માટે વગેરે).	
૧૨	અરજદાર, ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે કે કેમ?	
૧૩	વિશેષ નોંધ (રિમાર્ક્સ), જો હોય, તો:	

સ્થળ: (અરજદારની સહી)

તારીખ:

પરિશિષ્ટ 'ગ'

(જુઓ નિયમ ૮ (૪))

યોગ્યતા (પાત્રતા) પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે,-

૧. પરિશિષ્ટ-ખમાં ઉલ્લેખેલી વિગતોની ખરાઇ કરવામાં આવેલી છે અને તે સાચી જણાયેલી છે. શ્રી/શ્રીમતી/કુ. ..... બાગાયત નિયામકની કચેરીની તાબાની સેવામાં, અવેક્ષક (સુપરવાઇઝર), વર્ગ ૩-ની જગા પર બઢતી માટે, વર્ષ ૨૦.....ના.....મહિનામાં યોજાનારી ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર છે.

૨. * જરૂરી ફી ચૂકવેલી છે, ચલણની નકલ આ સાથે જોડેલી છે.

૩. * ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે, હુકમની નકલ જોડેલી છે.

સ્થળ : .....

તારીખ : .....

(વિભાગ/કચેરીના વડાની સહી અને હોદ્દો)

* જે કંઈ લાગુ ન પડતું હોય તે છેકી નાખવું.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નિકી ઓઝા,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:09:26 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar